BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# ગ્લોબલ કોવેનન્ટ ઓફ મેયર્સ ફોર ક્લાઈમેટ એન્ડ એનર્જી શોકેશ સીટીસ પાઈલોટ પછી આબોહવા માટે સ્થાનિક કાર્યવાહી કરવામાં બ્રેમ્પટનને અગ્રેસર હોવાની માન્યતા મળી

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (ફેબ્રુઆરી 3, 2021) – આબોહવા માટે સ્થાનિક કાર્યવાહી કરવા પર ધ્યાન આપતો એક વર્ષનો કાર્યક્રમ, ગ્લોબલ કોવેનન્ટ ઓફ મેયર્સ ફોર ક્લાઈમેટ એન્ડ એનર્જી (GCoM) શોકેશ સીટીસ પાઈલોટ પૂરો કરનાર બ્રેમ્પટન કેનેડામાં 25 મ્યુનિસિપાલિટીસમાંની એક બની છે. સીટી ઓફ બ્રેમ્પટનને આબોહવા માટે પોતાના પ્રયત્નોના પરિણામ સ્વરૂપે મિટિગેશન બેજ મળ્યો છે.

મિટિગેશન બેજ એ શહેરોને આપવામાં આવે છે જે પોતાના સમુદાયમાં ગ્રીનહાઉસ ગેસ વપરાશનો જથ્થો પૂરો વાપરી લે, ઉત્સર્જન લક્ષ્યાંકો સ્થાપિત કરે અને મિટિગેશન (ઉપશમન) યોજના મંજૂર કરી હોય, જેમ કે બ્રેમ્પટનનો કમ્યુનિટી એનર્જી એન્ડ એમિશન્સ રિડક્શન પ્લાન (CEERP).

GCoM કેનેડાની આગેવાનીમાં, ઓગસ્ટ 2019 માં બ્રેમ્પટનને પ્રથમ શોકેશ શહેરોના જૂથમાં જોડાવા માટે પસંદ કરવામાં આવ્યું હતું, જેમાં શહેરોને સ્થાનિક સ્તરે આબોહવા માટે કાર્યવાહી કરવા ટેકનિકલ સહાયતા, તાલીમ, નેટવર્કિંગની અજોડ તકો અને આબોહવા માટેના હેતુઓ હાંસલ કરવા સાધનો અને સંસાધનોની પહોંચ સહિતની સહાયતા મફત મળી.

સીટી ઓફ બ્રેમ્પટનની GCoM પ્રત્યેની કટિબદ્ધતા બ્રેમ્પટનને શહેરી આબોહવામાં અગ્રેસર રહેવા માટે કટિબદ્ધ વૈશ્વિક જોડાણ સાથે જોડે છે, છ ખંડોમાંથી દુનિયાભરમાં 800 મિલિયનથી વધારે નાગરિકોનું પ્રતિનિધિત્વ કરતા 10,000 ઉપરાંત શહેરો અને સ્થાનિક સરકારોની પ્રતિજ્ઞાઓને આગળ વધારે છે.

GCoM કેનેડા પોતે ફેડરેશન ઓફ કેનેડિયન મ્યુનિસિપાલિટીસ (FCM), ICLEI-લોકલ ગવર્મેન્ટ્સ ફોર સસ્ટેઈનેબિલિટી, ગ્લોબલ કોવેનન્ટ ઓફ મેયર્સ સેક્રેટરિએટ અને યુરોપીયન યુનિયનના ભંડોળથી સહાયક ઈન્ટરનેશનલ અર્બન કો-ઓપરેશન પ્રોજેક્ટ વચ્ચેનો સહયોગ છે.

**કડીઓ (લિંક્સ)**

- બ્રેમ્પટન કેનેડાની 25 મ્યુનિસિપાલિટીસમાંની એક છે જેને વૈશ્વિક આબોહવા માટે અગ્રેસર પહેલ કરનાર ઈન્ટેન્સિવ પાઈલોટ પ્રોજેક્ટ માટે પસંદ કરવામાં આવી છે
- કમ્યુનિટી એનર્જી એન્ડ એમિશન્સ રિડક્શન પ્લાન (CEERP)
- ગ્લોબલ કોવેનન્ટ ઓફ મેયર્સ

**અવતરણો (ક્વૉટ્સ):**

"આ પાઈલોટ પ્રોજેક્ટમાં સહભાગી થઈને બ્રેમ્પટનને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે આબોહવા માટે સ્થાનિક કાર્યવાહી કરવામાં અગ્રેસર હોવાની માન્યતા મળી છે. શોકેશ સીટીસ પાઈલોટ પ્રોજેક્ટ પૂરો કરનાર બ્રેમ્પટન 25 મ્યુનિસિપાલિટીસમાંની એક હોવાનું અમને ગૌરવ છે, અને અમે કેનેડાના આબોહવા લક્ષ્યાંકોને પહોંચી વળવા કાયમી ધોરણે અને ઓછું કાર્બન ઉત્સર્જન કરતા ઉકેલો લાવવા, ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન ઘટાડવા, અને છેવટે વૈશ્વિક આબોહવા ફેરફાર કાર્યવાહી કરવા માટે કટિબદ્ધ છીએ."

- *પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ બ્રેમ્પટન*

"અમે બ્રેમ્પટનમાં આબોહવા પહેલોમાં મોખરાના સ્થાને આગળ વધી રહ્યાં છીએ, અને આપણી કાર્બન ફૂટપ્રિન્ટ પર ખરેખરો પ્રભાવ પાડી રહ્યાં છીએ. CEERP મારફતે અમે વધારે ગ્રીન ટ્રાન્ઝિટ નેટવર્ક અને (ખુલ્લી હવામાં) બહુ ચાલવા યોગ્ય પાડોશ, બિલ્ડિંગ રિટ્રોફિટ્સનું અમલીકરણ, અને ઘણું બધું કરી રહ્યાં છીએ. તે આપણાં શહેરમાં મહત્વનો અને રોમાંચક સમય છે. આ ઓળખ માટે GCoM નો અને અત્યાર સુધી આ ફેરફારનો ભાગ બની રહેલ દરેક વ્યક્તિનો આભાર."

- *પૉલ વિસેંટે (Paul Vicente), પ્રાદેશિક કાઉન્સિલર, વૉર્ડ્સ 1 અને 5; અધ્યક્ષ, પબ્લિક વર્ક્સ એન્ડ એન્જીનીયરિંગ, સીટી ઓફ બ્રેમ્પટન*

બ્રેમ્પટન વર્ષ 2050 સુધીમાં ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન 80 ટકા જેટલું ઘટાડવાનો લક્ષ્યાંક ધરાવતું એક હરિયાળુ શહેર છે." આપણાં મહત્વાકાંક્ષી અને પરિવર્તનશીલ CEERP માં ઊર્જા કાર્યક્ષમ ઘરો અને ઇમારતો માટેના લક્ષ્યાંકો, વિશુદ્ધ ઊર્જા ઉત્પન્ન કરવી, બ્રેમ્પટનનું ટ્રાન્ઝિટ નેટવર્ક, ટ્રેઇલ્સ અને બાઇક ઇન્ફ્રાસ્ટ્રક્ચર, અને ઘણું વિકસાવવાનો સમાવેશ થાય છે. શોકેસ સીટીસ પાઇલોટ પૂરો કરવો એ આબોહવા કાર્યવાહીના આ પ્રવાસમાં એક સીમાચિહ્નરૂપ છે."

- *ડગ વ્હિલન્સ (Doug Whillans), સીટી કાઉન્સિલર, વૉર્ડ્સ 2 અને 6; ગ્લોબલ કોવેનન્ટ ઓફ મેયર્સ ફોર ક્લાઇમેટ ચેન્જ એન્ડ એનર્જીમાં બ્રેમ્પટનના પ્રતિનિધિ; CEERP કમ્યુનિટી ટાસ્ક ફોર્સ, સીટી ઓફ બ્રેમ્પટનના સભ્ય છે*

"સીટી કર્મચારીઓ કાયમી ધોરણે, ઓછું કાર્બન ઉત્સર્જન કરતા ઉકેલો લાવવા, અને આબોહવા માટે કાર્યવાહી કરવામાં મ્યુનિસિપલ અગ્રણી તરીકે પ્રભાવ પાડીને બ્રેમ્પટનની કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવા કટિબદ્ધ છે. અમે બ્રેમ્પટનના હરિયાળા શહેર તરીકેના પ્રવાસમાં સહયોગી, આગળ વિચારી શકનાર, અને સમર્પિત છીએ."

- *ડેવિડ બારિક (David Barrick),* ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, સીટી ઓફ બ્રેમ્પટન

"મ્યુનિસિપાલિટીસ, બિલ્ડિંગ રિટ્રોફિટ્સથી માંડીને હરિયાળો ટ્રાન્ઝિટ કાફલો (ફ્લિટ્સ) સુધી ઓછું કાર્બન ઉત્સર્જન કરવાના ઉકેલોના માર્ગ પર અગ્રેસર છે. અને અડધોઅડધ કેનેડાના GHG (ગ્રીનહાઉસ ગેસ) ઉત્સર્જન પર મ્યુનિસિપાલિટીસનું ભારણ હોવાને લીધે, સ્થાનિક ઉકેલો વધારવા એ કેનેડાના આબોહવા લક્ષ્યાંકોને પહોંચી વળવા માટે મહત્વપૂર્ણ છે. અમે આબોહવામાં ફેરફારના પ્રભાવોનો સામનો કરવા સીધી કાર્યવાહી કરવા બદલ અને પોતાનું ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન ઘટાડવા બદલ બ્રેમ્પટનને બિરદાવીએ છીએ."

- *ગેર્થ ફ્રિઝેલ (Garth Frizzell), FCM* પ્રેસિડન્ટ

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 650,000 લોકો વસે છે અને તેમાં 70,000 વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca